[બેઝિક ઇંગ્લિશ ગ્રંથમાળા : પુસ્તક ૩]

Guide to

"Basic Step by Step"

Part I

BASIC ENGLISH CLASS
LATHI · *Kathiawar*

[બે આના]

બેઝિકની કાર્યશકિત

જ્ઞાનના વિકાસ માટે કે આનંદને માટે અંગ્રેજી પુસ્તકો શ્રદ્ધાપૂર્વક વાંચતાં શીખવા માટે જુની ઢબની રીતે કામ લેતાં સામાન્ય રીતે મેટ્રીક સુધીનું જ્ઞાન મેળવવું પડે છે. પણ બેઝિક એવી તાકાતવાળી ભાષા છે કે એમાં કોઇ પણ વિષય સમાઈ શકે છે. આ વાતની ખાત્રી માટે આ નીચે વિવિધ વિષયનાં બેઝિક પુસ્તકોમાંથી ફકરા આપ્યા છે. જે અનુક્રમે ભૂગોળશાસ્ત્ર, વાણિજ્ય, રસાયણ શાસ્ત્ર, ઈતિહાસ, અને તત્ત્વજ્ઞાનને લગતા છે. કોઇ પણ અંગ્રેજી જાણનારને તે બતાવી જુઓ એટલે એ ફકરાઓમાં નક્કર વસ્તુ આવે છે એની પ્રતીતિ થશે. અને છતાં બેઝિકના અભ્યાસને અંતે આ

બં

તે

will you kindly send me a complete list of the machines and machine-parts made by you, giving details and prices.

I am specially interested in all sorts of wood-working apparatus and machines for working materials generally, because I am at present putting plant of this sort into a works-building.

Hoping for an early answer, Yours truly,

ENGINEER.

[બીજી આવૃત્તિ]

Guide to

"Basic Step by Step"

Part I

¶ તમારા અભ્યાસની પાછળ બેઝિક ઈંગ્લિશ કલાસનું પીઠબળ છે, માટે કોઈ પણ મુશ્કેલીથી હિંમત હરગીઝ ન હારશો.

¶ પરંતુ ભેજું કસવાનો પ્રયત્ન કર્યાથી જ જ્ઞાનનો વિકાસ થાય છે. માટે આપબળે જેટલું કરી શકાય તેટલું અવશ્ય કરવાનું પણ ન ચૂકશો.

BASIC ENGLISH CLASS
LATHI – *Kathiawar*

અભ્યાસ કરનારને સૂચના

¶ **આ** પુસ્તકનો અભ્યાસ શરૂ કરતાં પહેલાં 'બેઝિક ઈંગ્લિશનો પહેલો પાઠ' એ પુસ્તક વાંચી જજો. સાથોસાથ 'ટાઇમ ટેબલ' પણ જોઇ જજો.

¶ **હ**વે તમારે શીખવાના પાઠ 'Basic step by Step' એ પુસ્તકમાં છે. એ પુસ્તકનો સંપૂર્ણ પરિચય 'બેઝિક ઈંગ્લિશ પ્રાથમિક પરિચય'માં છે તે વાંચી લો.

¶ **આ** ઉપરાંત 'સંપૂર્ણ બેઝિક શબ્દકોશ' પણ જોઈ જાઓ. તેની તમારે બેઝિકના અભ્યાસમાં ડગલે અને પગલે જરૂર પડશે.

¶ **હા**લ તમારે માત્ર વાંચતાં શીખવા ઉપર જ ધ્યાન રાખવાનું છે. લખતાં તથા બોલતાં શીખવાની કેટલીક સ્હેલી તદબીરો અનુકૂળ સમયે તમને જણાવવામાં આવશે. કેમકે પરભાષા શીખતી વખતે બીજા કોઇનું બોલેલું આપણે સમજતા થઈએ પછી જ આપણે લખી બોલી શકીએ એ કુદરતી ક્રમ છે. બાળક પણ પહેલાં સમજતાં શીખે છે અને પછી જ લાંબે સમયે તેની જીભ ખૂલે છે.

¶ **પ્ર**થમ "Basic Step by Step" માં શીખવાનો પાઠ લો. તે પાઠમાં આવવાના નવા શબ્દો આ પુસ્તકનાં પૃ. ૧૫–૧૬ ઉપર આપેલા છે. તેના અર્થ શબ્દકોશમાં જોઈ શીખી લો. ઉચ્ચાર ઉપર ખાસ ધ્યાન આપજો.

¶ **પ**છી તે પાઠનો તમારાથી જેવો બને તેવો ગુજરાતી અનુવાદ કરો. દસ પાઠ સુધી તો તમારે આખા પાઠના અનુવાદ કરવાના છે. તે પછી થોડી મહેનતે તમે વધુ કામ કરી શકો એવી હિકમતો બીજા ભાગમાં અપાશે. (Basic Step by Step માં બધા પાઠના અંતેના સવાલ જવાબ તમે પાઠ કેટલો સમજ્યા છો તે તમારી જાતે ચેક કરી જવા માટે છે.)

¶ **ત**મારા એ અનુવાદને આ પુસ્તકમાંના અનુવાદ સાથે સરખાવો. (એ પહેલાં આ પુસ્તકમાંથી ન જ વાંચવું.) ઘણી ભૂલો હશે. પરંતુ તે મોટે ભાગે આ અનુવાદમાં પાઠને મથાળે અંગ્રેજી આપ્યું છે એને અંગે હશે. આ અનુવાદમાં તમે તે મોટા ટાઈપમાં છાપેલી જોશો. અને આટલાથી તેમાંની ઘણીખરી તો તમે જાતે સમજી શકશો.

¶ **છ**તાં એવી ભૂલો રહેશે જેનાં કારણ તમે આપમેળે સમજી ન જ શકો. તેના ઉપર વિગતવાર સૂચનાઓ તમને **"બેઝિક સ્ટેપ બાય સ્ટેપ વ્યાકરણ" ભાગ ૧.** એ પુસ્તકમાં મળશે. તેમાં જુઓ એટલે માર્ગ સરળ થશે.

"માત્ર ભાષાની જ આડખીલીને અંગે જગતના ઉદ્દામ સાહિત્યનો સંપર્ક સાધી ન શકનારાઓનો એ અંધકાર બેઝિક દૂર કરશે. પછી બેઝિક જાણનારો માણસ જગતમાં ક્યાંય ભૂલો નહિ પડે."

૧ શરીર

Is – I have – a nose – between – the front – the back – the right side – at the right side – on ~~my hand~~ – off my head – in my left hand.

આ મારું શરીર છે.

આ મારું માથું છે. આ મારો ચહેરો છે. **મારે નાક અને હડપચી છે.** મારું મોઢું મારા નાક અને હડપચીની **વચ્ચે** છે. મારા મોઢામાં મારે જીભ છે.

આ ભાગ **આગળનો** છે. આ ભાગ **પીઠ** છે. મારી છાતી આગળના ભાગ ઉપર છે.

આ **જમણી બાજુ** છે. સામેની બાજુ તે ડાબી બાજુ છે. જમણો હાથ **જમણી બાજુએ** છે. ડાબો હાથ ડાબી બાજુએ છે. આ મારો જમણો પગ છે. આ મારો ડાબો પગ છે. આ મારો ઘૂંટણ છે.

આ એક આંગળી છે. આ અંગૂઠો છે. **મારા હાથ પર** અંગૂઠો **અને** આંગળાં છે. આ આંગળી વળેલી છે. પેલી આંગળી સીધી છે.

હું મારો જમણો હાથ મારા માથા પર મૂકું છું. હું મારો જમણો હાથ મારા માથાથી **દૂર** લઈ લઉં છું. હું મારો જમણો અંગૂઠો **મારા ડાબા હાથમાં** મૂકું છું. હું મારો જમણો હાથ મારી જમણી આંખ ઉપર મૂકું છું. હું મારો ડાબો હાથ મારા ડાબા કાન ઉપર મૂકું છું.

૨ ખોરાક

Some food – at the table – I have – with it – with the fork – and put it – I may have – I may not have – I will have – an orange – take the skin off – is – is not.

ટેબલ ઉપર **કેટલુંક ખાવાનું** છે. જમણ–ખાણું તૈયાર છે. હું આ જગ્યા–ખુરશી–બેઠકેથી **ટેબલ પાસેની** ખુરશી તરફ જાઉં છું.

મારી પાસે થાળીમાં થોડું ઓસામણ–વઘાર–કઢી–રસો **છે. હું તેની સાથે** થોડો રોટલો–રોટલી–ભાખરી–પાંઉ લઉં છું. રોટલો એક રકાબી ઉપર છે. હું મારો ચમચો મારા હાથમાં લઉં છું અને (લઈને) વઘાર મારા મોઢામાં મૂકું છું.

મારી પાસે થોડું માંસ છે. હું મારા માંસ ઉપર મીઠું **નાખું** છું. મારી પાસે છરી અને કાંટો છે. હું **કાંટા વડે** માંસ મારા મોઢામાં મૂકું છું. હું મારી છરી ઉપર માખણ લઉં છું, અને તેને રોટલા પર મૂકું–લગાવું–ચોપડું છું.

આ પૂરી છે, અને પેલું પનીર છે. પૂરી અહીં છે અને પનીર ત્યાં છે. હું થોડી પૂરી અને થોડું પનીર લઉં–લઈ શકું–કદાચ લઉં. હું પૂરી અને પનીર કદાચ ન લઉં. હું થોડું પનીર લઈશ.

હું **એક નારંગી** લઈશ. હું નારંગી **ઉપરથી છાલ કાઢી** નાખીશ. નારંગીની છાલ કડવી **હોય છે.** આ નારંગી ખાટું છે. હું એના ઉપર થોડી ખાંડ–સાકર નાખીશ. સાકરનો સ્વાદ ગળ્યો હોય છે. મીઠાંનો સ્વાદ કડવો કે ખાટો કે ગળ્યો **હોતો નથી.**

પૂરી મીઠી હોય છે. આ પૂરી સ્વાદિષ્ટ અને ચવટ છે.

૩ કામ

The learning of Basic English – a sort of work – scissors are – put the thread through –

make a knot – against the cloth – take it through – with a push – (with) a pull – have a rest – after my rest – have some play.

બેઝિક ઈંગ્લિશનો અભ્યાસ એ એક જાતનું કામ છે. હું મારા મગજથી કરૂં છું. બીજી જાતનાં કામ હું મારા હાથ વડે કરી શકું. (જેમકે) હું થોડું કપડું લઈને તેનો કોટ બનાવી શકું.

થોડું કાપડ અને મારી કાતર ટેબલ ઉપર છે. મારી **કાતર** તીક્ષ્ણ છે. કપડું કાપેલું છે. હું એક ટાંચણી અહીં મૂકું-બેસું છું, અને બીજી ત્યાં ભરાવું છું. હું એક સોય અને દોરો લઉં છું. સોયની અંદરના કાણું **સોંસરવો** હું **દોરો કાઢું છું**, અને તેને છેડે **ગાંઠ વાળું છું**. સોયની તીક્ષ્ણ અણી હું **કાપડ સામે દાબું છું**. એક છેડે **ધક્કો મારીને** અને બીજે છેડે **ખેંચીને** હું સોયને **સોંસરવી કાઢું છું** અને બખીઓ લઉં છું.

આ ખરાબ સોય છે. તે વળેલી છે. સારી સોય સીધી હોય છે.

હું કોટ ઉપર બટન ટાંકું છું. કોટ તૈયાર છે.

કામ કર્યા પછી મારૂં શરીર થાકી જાય છે, અને હું **આરામ લઉં છું**. થાકેલાં શરીર સારૂં કામ ન કરી શકે.

આરામ લીધા પછી હું થોડું રમીશ.

૪ હવામાન

Only in the winter – It is water from the sky. – do not come–with a cloud in it – every sort of weather – put...on – get an umbrella – over my head – my coat under it – I do not put...the rain – The water in....road – have a fall – through the ice – a mass – a north wind – the very cold winds,

હવા (હવાની સ્થિતિ) ઉનાળામાં ગરમ હોય છે, પણ શિયાળામાં **તે** ઠંડી હોય છે. ગરમ ઋતુમાં આકાશમાંથી વરસાદ પડી શકે, પણ બરફ **તો માત્ર શિયાળામાં** જ પડે. વરસાદ ભેજવાળો હોય છે. **તે આકાશમાંથી (પડતુ) પાણી છે.**

વરસાદ અને બરફ સ્વચ્છ આકાશમાંથી **આવતા નથી**. **વાદળાંવાળું** આકાશ સ્વચ્છ આકાશ નથી. વરસાદ અને બરફ વાદળાંમાંથી આવે છે.

હું **દરેક જાતની ઋતુમાં** બહાર જાઉં છું. ઠંડી ઋતુમાં હું મારો ગરમ કોટ પહેરું છું. ભેજવાળી ઋતુમાં હું એક છત્રી **લઉં છું**, અને તેને **મારા માથા ઉપર** ધરૂં છું. વરસાદ કદાચ આવે તો પણ ફક્ત મારી છત્રી જ ભીની થશે. **તેની નીચેનો મારો કોટ** સુકકો રહેશે.

ઉનાળામાં હું **માત્ર વરસાદમાં જ મારી છત્રી ઓઢું એમ નથી.** હું તેને મારા માથા અને સૂર્યની વચ્ચે રાખી છાંયો બનાવું છું. વાદળાં છાંયો કરે (એ વખતે) હું મારી છત્રી નીચે લઉં છું.

શિયાળામાં હું મારો શ્વાસ મારા મોઢા સામે હવામાં જોઉં છું. **રસ્તાની બાજુએ ખાડામાંના પાણી ઉપર** બરફનું પડ બાઝી ગયું હોય. ઘણી ઠંડી ઋતુમાં હું તે બરફ ઉપર ચાલું છું. હું કદાચ **પડી જાઉં**, પણ હું **બરફમાં ખુંચી જતો નથી**. હું મારા હાથમાં બરફનો જથ્થો–લોંદો લઈને તેનો દડો બનાવું છું.

ઇંગ્લાંડમાં **ઉત્તર તરફનો પવન** કે પૂર્વ તરફનો પવન ઠંડો હોય છે, પણ દક્ષિણ કે પશ્ચિમ તરફનો પવન ગરમ હોઇ શકે. શિયાળાના **ઘણા ઠંડા પવનો** ઉત્તર કે પૂર્વના પવનો છે. ઉનાળાના ગરમ પવનો દક્ષિણ કે પશ્ચિમના પવનો હોય છે.

૫ કુટુંબ

Some fathers – the father of my father – every father – Not every son is a father – with only one tooth – teeth – babies – do not have

any teeth – I am – Before the birth...family – feet – A kiss....play. – The brothers...father – men and women – and have.

મારા પિતા એક યુવાન માણસ છે, અને મારી માતા એક યુવાન સ્ત્રી છે. કેટલાક પિતા અને માતા યુવાન નથી હોતાં. મારા પિતામહ વૃદ્ધ માણસ છે. દરેક પિતા પુત્ર (કોઇનો) હોય છે. અને દરેક માતા પુત્રી હોય છે, પણ દરેક પુત્ર પિતા નથી હોતો અને દરેક પુત્રી માતા નથી હોતી.

મારે એક બહેન અને એક ભાઈ છે. મારો ભાઈ બહુ જ નાનો છે. હજુ તે એક દાંત ઉગેલું બાળક છે. બીજા દાંત આવશે. ઘણાં નાનાં બાળકોને એક પણ દાંત નથી હોતો. હું હજુ છોકરો છું અને મારી બહેન હજુ છોકરી છે. આ નાના છોકરાના જન્મ પહેલાં તે કુટુંબનું બાળક હતી. (સૌથી નાની હતી.)

મારો ભાઈ એક તંદુરસ્ત બાળક છે, પણ ઉનાળામાં તે માંદો હતો. ઘણાં બાળકોને ગરમ ઋતુમાં પેટમાં દુ:ખાવો થાય છે.

ખોરાક (આપ્યા) પહેલાં બાળક ચીસ નાખે (ભૂખ્યું થતાં રોવે). મારી બહેન એ બાળકને ખોરાક ન આપી શકે, પણ હું તેને ખોરાક આપી શકું–ખવરાવી શકું. હું બાળકના પગ ઉપર મારો હાથ મૂકું છું. તે ગરમ છે. તંદુરસ્ત બાળકોના પગ ગરમ હોય છે. (તંદુરસ્ત બાળકોને ગરમ પગ હોય છે.) ચુંબન અને સ્મિતથી બાળકો રમવા માટે તૈયાર થાય છે. (ચુંબન અને સ્મિત બાળકોને રમવા માટે તૈયાર બનાવે છે.)

મારા માતા તથા પિતાના ભાઇઓ અને બહેનો (કાકા, મામા, માશી, ફઈ) પુરૂષો અને સ્ત્રીઓ છે. કેટલાંક પરણેલાં છે અને (તેમને) પુત્રો અને પુત્રીઓ છે.

૬ મકાન

At the end – building – house – some houses in the street – at the back – with a wall – another

door – the window in my room – let light and air come – The roof...house – Come across – outside – almost complete – that structure at the front – a part of the house – support of the workmen – go up on it – Do not go in – inside – these – those – by the house.

મારૂં ઘર શેરીને **છેડે** છે. શેરીમાંનું દરેક **મકાન** એ **ઘર** છે. **શેરીમાનાં કેટલાંક મકાનો** ઊંચાં છે અને કેટલાંક નીચાં છે, કેટલાંક લાકડાનાં છે અને કેટલાંક પથ્થરનાં છે.

ઘરની **પછવાડે દિવાલ સહિત** એક બાગ છે (એક બાગ છે જેને ફરતી દિવાલ છે.) તે ઘર લાકડાનું નીચું મકાન છે, જેને એક બારણું–દરવાજો આગળ અને એક બારણું પાછળ છે. આગળનું બારણું પહોળું છે, પણ પાછળનું બારણું સાંકડું છે. કેટલાંક ઘરને બાજુએ **બીજું એક બારણું** હોય છે. આગળના બારણા ઉપર નંબર છે તે ઘરનો નંબર છે. મારૂં ઘર નંબર ૧ છે.

મારા ઓરડામાંની બારી પહોળી છે. બારીઓ **પ્રકાશ અને હવાને** ઓરડામાં **આવવા દે છે.** પુરૂષો અને સ્ત્રીઓ (માણસો–લોકો) બારણામાં થઈને આવે જાય છે. (અંદર અને બહાર જાય છે.)

ઘરનો પાયો એ દિવાલો માટેનો આધાર છે, અને દિવાલો એ છાપરાંનો આધાર છે. **છાપરૂં એ ઘરનું ઢાંકણું છે.**

રસ્તાની સામી બાજુ ઉપરનાં મકાનો પૂરાં થયાં નથી. રસ્તો **ઓળંગીને આવો** (સામી બાજુએ) અને આપણે તે કામ જોઈશું. આ ઘરની **બહારની બાજુ**–ભાગ **લગભગ સંપૂર્ણ** છે. દિવાલો તદ્દન પૂરી થઈ ગઈ છે, પણ ઘર ઉપર છાપરૂં નથી. (ઘરની) આગળ પેલું બાંધકામ (કરવામાં આવ્યું છે તે) **ઘરનો ભાગ** નથી. તે **મજૂરોના આધાર** માટે (કરેલી) પાલખ છે. તેઓ **તેના ઉપર ચડે** છે અને મકાનના ઉંચા ભાગો ઉપર કામ કરે છે.

અંદર જતા નહિ. તમે બારીમાંથી ઘરની **અંદરનો ભાગ**–બાજુ **જોઈ** શકશો. આ ઓરડાની દિવાલો અને જમીન તૈયાર–**પૂરી** થઈ ગઇ છે. પણ બારણું (મૂકાયું) નથી. ઓરડાની બહારની દિવાલોમાં (રાખેલાં) **આ** (બધાં) બાંકાં બારીઓ માટે છે, અને **પેલાં** અંદરની દિવાલોમાં છે તે બારણાં માટે છે.

ઘરની પાસે-બાજુએ (આવેલી) **પેલી** નળી પાણીના નિકાસ માટે છે -મોરી છે. મોરીઓ ઘરમાંથી પાણી લઇ જાય છે, અને બીજી નળીઓ પાણીને ઘરમાં લાવે છે. મોરીના નળ પહોળા હોય છે, પણ બીજી નળીઓ સાંકડી હોય છે.

કેટલાંક ઘરમાં મોરીઓ નથી હોતી, પણ આવાં ઘર તંદુરસ્ત નથી.

૭ અગ્નિ

Place for a fire – fire-place – Some of the rooms – up through a hole – the only use of fire – get it dry – get warm – my sister and I – get warm – near to the flame – if – far from – do not get warm enough – get a burn – stick – the flames come up – who – do not let my sister put – (do not let my sister) have a match – matches – if you see fire on the curtain – put it on the flames – enough water.

મારા ઓરડામાં **અગ્નિ માટે જગ્યા** છે. મારા ઓરડામાંનો એ **ચૂલો** નાનો છે. પણ **ઘરમાંના બીજા કેટલાક ઓરડાઓમાં** મોટા ચૂલાઓ છે. એ ચૂલાઓમાંથી નળીઓ ધુમાડાને છાપરામાંના એક **કાણા મારફત બહાર** લઈ જાય છે.

અગ્નિ ઘરને ગરમ રાખે છે. [ઇંગ્લાંડ જેવા ઠંડા દેશની આ વાત છે] પણ **અગ્નિનો આ એક જ ઉપયોગ** નથી. જો મારો કોટ ભીનો થયો હોય અને તેને અગ્નિ સામે ધરૂં તો અગ્નિ તેને **સૂકવી નાખશે.** જો હું કીટલીમાં પાણી નાખી તે કીટલી અગ્નિ ઉપર મૂકું, તો પાણી ગરમ થશે. અને હું એકાદ વાસણમાં ખોરાક નાખી તેને અગ્નિ ઉપર કે ભઠ્ઠીમાં મૂકું, અને ખોરાકને ગરમ કરી શકું. જો હું ભઠ્ઠી–સગડી ઉપર મેંદો મૂકું તો મને રોટલી મળી શકે. પણ આ કામ રસોયાનું છે, અને જો હું સારો રસોયો ન હોઉં તો રોટલીનો સ્વાદ બહુ સરસ નહિ હોય. ગરમ રોટલીની સરસ સુગંધ હોય છે.

શિયાળામાં હું અને મારી બ્હેન બરફમાંથી રમીને અંદર આવીએ છીએ, અને અગ્નિ આગળ **તાપીએ** છીએ. અમે **ઝાળની પાસે** જઇએ છીએ, પણ બહુ નજદીક નહિ. **જો** અમે **તેનાથી દૂર** હોઇએ તો **પૂરા ગરમ ન થઇએ,** પણ જો અમે બહુ નજીક જઈએ તો કદાચ અમને **ફોલ્લો પડે.** દાઝના ફોલ્લા બહુ દુઃખ આપે છે.

જો ઓરડો અંધારો હોય તો હું અગ્નિમાં **સાંઠી**–ડાંખળી–લાકડી નાખું છું. (તુરત) **ભડાકા નીકળે** છે, અને ઓરડાના બધા ભાગને અગ્નિના પ્રકાશથી પ્રકાશિત કરે છે.

મારાં માતા અને પિતા મારી બ્હેન કે જે નાની છે **તેને** અગ્નિમાં **સાંઠી નાખવા કે દિવાસળી રાખવા દેતાં નથી.** જો બહુ નાનાં છોકરાઓ અને છોકરીઓની પાસે દીવાસળીઓ હોય તો કદાચ તેની ઝાળથી તેઓ દાઝી જાય, અથવા તો તેઓ પડદા કે તકિયાને દીવાસળી લગાવે અને ઘર ભયમાં આવી પડે. **જો તમે પડદા સળગતો જુઓ,** તો જઇને એક બાલટીમાં પાણી લાવો, અને **તેને સળગતા પર રેડો,** એટલે બહુ નુકશાન નહિ થાય. ભડકા એક વસ્તુ ઉપરથી બીજી વસ્તુ ઉપર જાય છે. જો તમે આખી બાલટી નહિ ભરો તો જોઇએ તેટલું પાણી નહિ આવે.

૮ દેશ

The Country – far – field – get up on – In the field is an old goat – give my body a push – up in the tree – do not let the goat go – another – mother pig – baby pigs – fowl – do not let it get broken – sheep – with a red roof – about it – have no leaves – do not see any flowers – to other places where the weather is still warm.

ઉનાળામાં હું મારા કુટુંબ સાથે શાહેરમાંથી દેશમાં **(ગામડાંઓમાં)** જાઉં છું. અમે એક **વાડીમાં** જઇએ છીએ. વાડીમાંના મકાનની પાછળ

એક ખેતર–**વાડીપડું** છે, અને તેમાં એક નીચી ડાળીવાળું એક મોટું ઝાડ છે. ઘણી ગરમ ઋતુમાં હું તે ડાળી ઉપર **ચડીને** આરામ લઉં છું. **એ** વાડી–**ખેતરમાં એક ઘરડો બકરો** છે. જો હું ઘાસ ઉપર હોઉં તો તે આવીને **મારા શરીરને ધક્કો** (ઢીંક) **મારે** પણ **ઝાડ ઉપર તો** હું સહિસલામત છું.

હું એ **બકરાને ખેતરમાંથી જવા દેતો નથી,** કારણ કે તે બાગમાં પેસી જાય. બકરાં છોડવાઓના થડ ઉપરથી એકે એક ફૂલ અને પાન તોડી લે.

ગાય વાડીમાં પાળેલું એક **બીજું** પ્રાણી છે, અને ઘેટું વળી **ત્રીજું** છે. તે વાડી–જાગીરનાં કેટલાંક ખેતરોમાં ગાયો છે, બીજામાં ઘેટાં છે, અને લાકડાના એક નીચા મકાનમાં એક **ભૂંડણ (**માદા ડુક્કર**)** છે. જેને કેટલાંક નાનાં **બચ્ચાં** છે.

વાડીમાં મારે એક મુરઘી છે. (મુરઘાની જાતનું કોઈપણ પ્રાણી) તે એક નાનું ભુરું પક્ષી છે. તે બીજાં મુરઘાં સાથે મુરઘાં માટેની ઓરડીમાં છે. જો **હું** મુરઘાની ઓરડીમાં ઈંડું જોઉં તો હું તે રાખતો નથી; હું તે મારી મા પાસે લઇ જાઉં છું. હું તેને **ભાંગવા દેતો નથી**. આપણને મુરઘાં પાસેથી ઈંડાં અને **ઘેટાં** પાસેથી ઉન મળે છે.

વાડીમાંનું મકાન લાલ છાપરાવાળું પથ્થરનું ભુરું મકાન છે. તેની પાસે પ્રાણીઓ માટેનાં મકાનો છે, અને **તેની આસપાસ** ઉનાળામાં લીલાં ઝાડ અને ફૂલવાળાં લીલાં ખેતરો હોય છે.

ગામડાંનો પ્રદેશ શિયાળામાં લીલો હોતો નથી. ખેતરો ભૂખરાં થઈ જાય છે, અને ઝાડ ઉપર **પાંદડાં નથી હોતાં**, અને આપણે **એક પણ ફુલ જોતા નથી.** કેટલાંક પક્ષીઓ **જ્યાં ઋતુ હજી ગરમ હોય એવી બીજી જગ્યાએ** જાય છે, કેમકે તેઓને શિયાળામાં ઈંગ્લાંડમાં પૂરતો ખોરાક મળતો નથી. પણ શિયાળા પછી તે પાછાં આવે છે.

૯ સમુદ્ર

At the edge of the sea – a town with a harbour – stretch of sand – bright weather – wet

weather – for a swim – which – put – that is why – keep it from my face – give my body a shake – get all the sand off – keep together – deep enough for a swim – even they – get in the current – a person on the sand – safely – stones – a boat with a sail – over the edge – the way into the harbour – wide enough for a great ship – what we see is the smoke.

સમુદ્રને કાંઠે એક બંદર છે, અને તેની પાસે **રેતીનો** એક **વિસ્તાર** છે. **આકાશ ચોખ્ખું હોય ત્યારે** સમુદ્ર આસમાની લાગે છે, પણ **ભેજવાળી ઋતુમાં** એનો રંગ ઝાંખો હોય છે. **સમુદ્રના** પાણીનો સ્વાદ ખારો છે.

હું **તરવા માટે** પાણીમાં જાઉં છું. તરી લીધા પછી રેતી **કે જે** ગરમ છે **તેના** ઉપર હું આરામ લઉં છું. હું રેતીને મારા હાથમાં લઇ મારા શરીર ઉપર **નાખું છું**, પણ હું તેને મારા માથા પર છાંટતો નથી. જો મારી આંખમાં રેતીનો દાણો જાય તો સખ્ત દુ:ખ થાય. **એ કારણથી** (એ કારણ છે કે) હું તેને **મારા ચહેરાથી દૂર** રાખું છું આરામ પછી હું ઉભો થઈને **મારૂં શરીર હલાવું છું**, અને **બધી રેતીને** ફરીથી **ખંખેરી નાખું છું**.

નાનાં છોકરા અને છોકરીઓ પાણીની કિનારી પાસે, જ્યાં ઊંડું ન હોય ત્યાં, **સાથે રહે છે**. બીજા **તરી શકાય એટલું ઊંડું** હોય ત્યાં જાય છે. પણ **તેઓ પણ** જમીનથી બહુ દૂર જતાં નથી, કેમકે જો તે **પ્રવાહમાં પકડાઇ જાય** તો જોખમમાં આવી પડે. **રેતી ઉપર ઉભેલું કોઇ** તે જોખમ જુએ અને હોડી લઈ મદદ કરે, પણ જો તેઓને મદદ ન મળે તો તેઓ જમીન ઉપર પાછાં **સહિસલામતીથી** આવી શકે નહિ.

બંદર પાસે એક નાનો ટાપુ છે, જેમાં મોટા ખડક છે, અને એ ખડકો **વચ્ચે** દરિયાઈ છોડવા અને પ્રાણીઓ છે. હું ત્યાં એક **સઢવાળી હોડીમાં** (બેસીને) મારા પિતા સાથે જાઉં છું. હોડી નાની છે અને કોઈ મોજાં તેની **ધાર ઉપરથી** આવીને અંદરનો ભાગ પલાળી મૂકે. જો પાણી શાંત અને સ્વચ્છ હોય તો અમે–આપણે હોડી પાસે દરિયામાં માછલી જોઈ શકીએ.

અમે ધુમ્મસમાં ટાપુ ઉપર જતા નથી. દરિયામાં ધુમ્મસ વખતે ઘણું જોખમ હોય છે.

ખરાબ ઋતુમાં (તોફાની પવન હોય ત્યારે) દરિયો તોફાની હોય છે, અને બધી હોડીઓ બંદરમાં આવી જાય છે. **બંદરમાં આવવાનો રસ્તો મોટું વહાણ આવી શકે એટલો પહોળો** નથી. પણ જો કે મોટાં વહાણ બંદરમાં નથી આવતાં તોપણ આપણે દરિયામાં તેને જોઈ શકીએ. જો તે બહુ દૂર હોય તો, **આપણે જે કાંઇ જોઇ શકીએ તે ફક્ત તેનો ધુમાડો હોય છે.**

૧૦ સમય

In the morning – put out my hand – give the covers a pull – Good morning – Are you awake ?– Get up – “ ” – ? – after that – on some mornings – a minute after I go from the room – while I am in the bathroom – though I am up first – he is ready before I am (ready) – were – the first things which I put on – I have on everything but my coat – put it through my hair – hairs – an hour after I get up – That is how the mornings go – all the day – this day is today – go to bed – have a wash – Are you ready ?– you are in bed – say good night.

સવાર એ દિવસનો પહેલો ભાગ છે, અને રાત એ દિવસનો છેલ્લો ભાગ છે. રાત એ **સુવાનો** વખત છે, અને બિછાનું એ સૂવા માટેની જગ્યા છે.

મારૂં તથા મારા ભાઈનું બિછાનું એક જ ઓરડામાં છે. એ બિછાનાં વચ્ચેની જગ્યામાં એક ટેબલ છે, જેના ઉપર ઘડિયાળ મૂકેલું છે. **સવારે**

જો મારો ભાઈ જાગ્યો ન હોય તો હું ટેબલ ઉપરથી **મારો હાથ લંબાવી તેની રજાઇ ખેંચું છું**, અને કહું છું કે : "**સવારની સલામ !** (જયજય) **જાગે છે કે નહિ ? ઊઠ !**" હું ઊઠીને નાહવાની ઓરડી તરફ જાઉં છું. એ પછી જો તે હજુ ઊઠયો ન હોય તો ભીની વાદળી લઈ મારા ભાઇના ચહેરા પર ફેરવું છું. પણ હું **તેની** બહુ નજદીક જતો નથી, કેમકે તે મારું મોં તે વાદળીથી ભીંજવે.

પણ **કેટલીક સવારે** હું **ઓરડામાંથી જાઉં પછી એકાદ મિનિટે** મારો ભાઈ ઊઠે, અને હું **નાહવાની ઓરડીમાં હોઉં તે દરમિયાન** તે મારા મોજામાં ગાંઠ વાળે અથવા મારો જોડો બિછાના તળે દૂર મૂકી દે. આવા દિવસોએ, **જો કે હું પહેલો ઊઠયો હોઉં તો પણ**, હું **તૈયાર થાઉં તે પહેલાં તે તૈયાર થઇ જાય છે**. ગઈ કાલે અમે સાથે તૈયાર થયા હતા.

હું **પહેલી વસ્તુ જે પહેરૂં છું** તે મારાં મોજાં છે, અને છેલ્લી વસ્તુ કોટ **છે**. (સૌથી પહેલાં હું મોજાં પહેરૂં છું અને છેલ્લો કોટ પહેરૂં છું.) જ્યારે **કોટ સિવાયની બધી વસ્તુઓ મેં પહેરી હોય ત્યારે** હું દાંતિયો લઇ તેને મારા **વાળમાં ખોસું છું**–ચલાવું છું. જો કોટ પહેર્યા પછી હું એમ કરૂં તો મારા કોટ ઉપર કોઈ વાળ **ખરે**. કોટ ઉપર પડેલા **વાળ** હું બ્રશવડે લઈ લઉં છું.

ઉઠયા પછી એક કલાકે હું નાસ્તો કરૂં છું. સવારના વહેલા ભાગમાં અમે કામ કરીએ છીએ; પાછલા ભાગમાં અમે રમીએ છીએ. **આમ સવાર પસાર થાય છે.** (સવાર કેમ પસાર થાય છે તે આ છે.) આવતી કાલે અમે કાંઈ કામ નહિ કરીએ. દર અઠવાડિયે એક દિવસ અમે **આખો દિવસ** આરામ લઈ શકીએ.

આવતી કાલ એ આજ પછીનો દિવસ છે, અને ગઈ કાલ એ આ દિવસથી પહેલાંનો દિવસ છે, અને આ દિવસ એ આજ છે.

સૂવા ગયા પહેલાં અમે સાબુથી (હાથ મોં) **ધોઇએ છીએ**. અમે નાહવાની ઓરડીમાંથી બહાર નીકળીએ એટલે અમારી મા અમને કહે : "તમે સૂવા તૈયાર **થયા છો ? જ્યારે** તમે **બિછાનામાં હશો** ત્યારે હું આવીશ અને તમને **રાતની સલામ કહીશ.**" [આગળ માટે **ભાગ** બીજો વાંચો.]

●

૧–૧૦ પાઠમાંના નવા શબ્દો

[આ બધા શબ્દોના અર્થ આ જ ક્રમમાં અને આ જ સ્થળે 'વ્યાકરણ' ભાગ ૧ માં આપ્યા છે. માટે ત્યાંથી અર્થ શીખી લો.]

આટલા શબ્દો તો કદાચ તમને આવડતા જ હશે અથવા શીખવા પડશે.

(1) Body, chest, face, hand, head; part, side; right - left, straight. (2) Butter, cake, meat, sugar; knife plate, seat, skin, table, taste; sweet, acid, ready. (3) Play, rest,, work; brain, button, cloth, coat, hole, pin, point, scissors, sort; good–bad, cut. (4) Air, ice, summer, sun, winter; ball, cover, road, shade, water; cold, dry, clear. (5) Birth, brother, daughter, family, father, mother, sister, son; baby, boy, foot, girl, kiss, man, pain, tooth, woman; young–old, married. (6) Building, door, floor, house, roof, room, street, window; garden, light, number, pipe, stage, wood; complete. (7) Fire, matches, smoke; damage, danger, paste, stick; bright – dark. (8) Country, flower, grass; branch, cow, town, wool; red–green, brown, safe. (9) Boat, current; shake; smooth - rough, blue. (10) Clock, day, hour, minute, morning, night, time, bath, bed, brush, hair, shoe, soap, wash; late, first–last.

આટલા શબ્દો નવા શીખવાના રહેશે.

(1) Arm, chin, ear, eye, finger, knee, leg, mouth, nose, thumb, tongue; back, front; bent, opposite. (2) Bread, cheese, food, orange salt,

soup; basin, fork, meal, spoon; bitter, sticky. (3) Learning; end, knot, needle, pull, push, stitch, thread; sharp, tired. (4) Cloud, rain, sky, snow, weather, wind; breath, fall, mass, umbrella; warm, wet. (5) –; cry, smile, stomach: healthy,-ill. (6) Drain, structure, wall; base, stone, support, high-low, wide-narrow. (7) Burn, cook, flame, oven; bucket, curtain, cushion, kettle, place, pot, smell, thing, use; great-small, full. (8) Animal, bird, farm, field, plant tree; egg, fowl, goat, leaf, pig, sheep, stem; broken. (9) Fish, harbour, island, sail, sand, sea, ship, swim, wave; edge, grain, help, land, mist, person, stretch, way; deep, grey. (10) Week; comb, sleep, sock, space, sponge; early, awake.

આ ૧૦૦ શબ્દો ખાસ ધ્યાન દઈને શીખવાના છે.

(1) A–an, the, is, and; have, put, take; at, between, in, off, on; I, this, that; my. (2) Some; go, may, will; not; from, of, to, with; here, there; it; or. (3) Are, other; do, make; after, against, through. (4) Every; north, south east, west; be, come, get, see; before, down over, under; up; only, out, ever; but. (5) Any, one; give; for; still: he, she; am. (6) Let: across, by; almost, quite; you, we, they, these, those, such. (7) All: enough, far, near; if, or: who. (8) Keep; about; again; because, where. (9) Among; even, together, though, why; what, which. (10) Were; say; tomorrow, yesterday; how, when, while. [Than]

Chemistry From THE CHEMICAL HISTORY OF A CANDLE by Michael Faraday.

We saw that when our candle was burning, water was produced, and that that water was the same as the water we have everywhere about us. And when we did more tests with the water we got from it that strange substance hydrogen—the gas with a very small weight, which we have here in this vessel. After that we saw the burning-power of hydrogen, and that water was produced by it. I then went on talking about this apparatus by which a chemical power may be sent to us in these wires

History From GENERAL HISTORY by E H. Carter.

Man has done great things. Looking back we see him first fighting like an animal for his very existence; then, by the power of his invention, coming to a higher and higher level of development till natural forces are his servants, and there seems to be no limit to the ways in which living may be made better and fuller. Is all this to be wasted because men are unable to keep peace among themselves ? Or will they make the most of their chance and go on in harmony to ever greater and greater things ?

What of the future ? Today we are planting the seeds of tomorrow.

Philosophy From THE MENO OE PLATO by J Rantz.

SOCRATES. I have a fear, Meno, that you and I are not good for much, and that Gorgias has been as poor a guide to you as Prodicus to me. Certainly we will have to take care and see if there is not someone who will be able in some way or other to make us better. I sav this because I see that in the earlier part of the discussion we did not take note that right and good acts are possible to men under another guide than knowledge; and that is wry we are now unable to see how good men come into existence.

ત્રણ પત્રો

[અમારા કોર્સમાં જોડાએલાં અનેક સજ્જનોમાં અમદાવાદ જમાલપુરવાળા અબ્દેરહેમાન મહમદભાઈ મુલ્લાં પ્રથમ આવે છે, કેમકે કોર્સમાં જોડાયા પછી તેર ધારી પ્રગતિ કર્યે રાખી છે. એમના આ ત્રણ પત્રો એ વાતની સાક્ષી પૂરશે બીજાં પણ અનેક કુમાર, તરુણ અને વૃદ્ધ ભાઈઓ તથા બહેનો જીવનના ઘાટને પગથીએ ઉભાં રહી આવતી કાલની આ જગતભાષાને સત્કારી રહ્યાં છે.

તા. ૬

¶ "છાપાઓમાં બેઝિક ઇંગ્લિશ શીખવા માટે ગુજરાતી આવૃત્તિ આપે તૈયાર કરી છે એમ મેં વાંચ્યું છે. તો તે પુસ્તક પ્રસિદ્ધ થયું હોય તો તેની કિંમત લખવા કૃપા કરશો અને જો પ્રસિદ્ધ થવાને વાર હોય તો તે વિષે પણ મને ખબર આપશો તો આપનો આભારી થઇશ."

તા. ૧૯-...-...

¶ "My motto in learning English was not giving any examination. But examination is the minimum standard of knowledge. So it is necessary. Therefore I make corresponds for 'Senior Cambridge Examination Course'. I could pass or not in this Examination, it is not question. But my knowledge by this Examination will be standardised and regular. So what is your opinion in this matter, and will you give me tuition on this subject?"

તા. ૧૭-૭-'૬

¶ "આપના પ્રથમ તા. ૨૦-૯-૩૯ના પત્ર અનુસાર હું ધ બેનેટ કોલેજ લીમીટેડમાં સીનીઅર કેમ્બ્રીજ કોર્સના વિદ્યાર્થી તરીકે જોડાયો છું, અને તે સંસ્થાના સદર કોર્સના કેટલાક પાઠો પણ મને આશરે દસેક દિવસ પર મળ્યા છે. અને તે મારા અભ્યાસ હેઠળ છે.

સદરહુ સીનીઅર કેમ્બ્રીજ કોર્સ અને બીજા કેટલાક કોર્સો વિષે પહેલાં પણ હું જાણતો હતો. પણ અંગ્રેજી ભાષાના જ્ઞાનના અભાવે તે કોર્સમાં જોડાવા હિંમત કરી શકતો ન હોતો. પણ આપના બેઝિક કોર્સની મદદ અને આપની તરફથી મળેલી કિંમતી સલાહને લઈને હવે સદર કોર્સમાં દાખલ થવાની હિંમત કરી શકયો છું. આપની સલાહ, સુચના, સદ્‌ભાવ બદલ ફરી આભાર."

(સહી) અબ્દેરહેમાન મહમદભાઈ મુલ્લાં.